RIGHT TO INFORMATION

અપીલ અરજી નં. ૫૪૧,તા.૩–૧–૧૨
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી મુન્સી સીરાજ મુસાભાઈ
સામાવાળાઃ– ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)

ફરીયાદની હકીકતઃ–

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી મુન્સી સીરાજ મુસાભાઈની તા. ૧૫–૧૨–૧૧ની અરજીથી મુદૃા નં.(૧) ૨૦–૯–૧૦ની તારીખે આપેલ સ્પ્રે કલરના ગેરકાયદેસર કારખાના વિરુધ્ધ થયેલ અરજીની સામે કારખાનાવાળા વિરુધ્ધ સંબંધીત વિભાગે કરેલ કાર્યવાહીની નકલ સાથે વિગત આપવી. મુદૃા નં.(૨) ૫/૧૬૬૧ ની બાજુમાં ચાલતાં ગેરકાયદેસર સ્પ્રે કલરના કારખાનાની સામે ૨૦–૯–૧૦ , તા.૧૫–૧૨–૧૧ સુધી કરેલ જે તે વિભાગ તરફથી કરેલ કાર્યવાહીની માહિતીની નકલ સાથે આપવી. મ્યુ. સેવા સદન તરફથી ગેરકાયદેસર કારખાના સામે શું કાર્યવાહી થઈ શકે એની સંપૂર્ણ વિનંતી તેમજ કયા નિયમો હેઠળ કામ કરે છે તેની વિગતવાર માહિતી આપવી.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૩–૧–૧૨ ની **SMC/FAP/** નં.૫૪૧/૨૦૧૧–૧૨

શ્રી મુન્સી સીરાજ મુસાભાઈની તા. ૧૫–૧૨–૧૧ની અરજીથી મુદૃા નં.(૧) ૨૦–૯–૧૦ની તારીખે આપેલ સ્પ્રે કલરના ગેરકાયદેસર કારખાના વિરુધ્ધ થયેલ અરજીની સામે કારખાનાવાળા વિરુધ્ધ સંબંધીત વિભાગે કરેલ કાર્યવાહીની નકલ સાથે વિગત આપવી વિ.મુદૃા નં.(૧)થી (૩)ની માહિતી આપવા બાબતે ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી(સેન્ટ્રલઝોન)ના પત્ર નં.સીઝેડ/આરટીઆઈ/ આ.૧૮૫૮ તા. ૩૧–૧૨–૧૧થી મળેલા પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૩–૧–૧૨ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ / વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદૃા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા માહિતીની દફતરી વિગતો નકલ સહ સ્પષ્ટ કરવા તેમજ માહિતીના મુદૃા નં.૩ કયા નિયમ હેઠળ કામ કરે છે તથા શું કાર્યવાહી થઈ શકે તેની વૈધાનિક જોગવાઈ પણ મોકલવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૪૭૯ તા.૧૩–૧–૧૨ થી** ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન) તથા અરજદારને મુદૃા નં.૧ અને ૨ની દફતરી માહિતી જાહેર માહિતી અધિકારીએ આપેલ હોવાનું તા. ૩૧–૧૨–૧૧ના પત્ર પરથી જણાય છે જે મુળ માંગેલ વિગતે હોવા છતાં નારાજગીની આધાર સહ વિગતો રજૂ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/ આ.નં.૨૧૧૦ તા.૨૪–૧–૧૨ થી પૂરક વિગતોમાં અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.સી.ઝેડ/આરટીઆઈ/ ૧ ૮૫૮ તા.૩૧–૧૨–૧૧ ના પત્રની નકલ, મુળ અરજીની નકલ તથા પત્ર નં.સી.ઝેડ/આરટીઆઈ/૨૨૮૪ તા.૭–૨–૧૨ થી આપેલ પૂરક વિગતમાં અરજદારની તા.૩–૧–૧૨ ની અરજી બાબતે આપેલ માહિતી અંગે પત્ર નં.સી.ઝેડ/આરટીઆઈ/૧૯૮૮ તા.૧૨–૧–૧૨ ના પત્રની નકલ તથા બીપીએમસી એકટની કાયદાના પુસ્તકની પાના નં.૩૦૯ ,૩૧૩,૩૩૦ થી ૩૩૩ ની નકલ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી તા.૧૯–૧–૧૨ નો પૂરક પત્ર અત્રે મળેલ છે જેમાં અરજદારને અનુ નં.૩ માં દર્શાવેલ બાબતનો જવાબ જણાવેલ નથી તેવું જણાવેલ છે.

અરજદારની તા.૧૫–૧૨–૧૧ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ બાબત હેઠળ મુદૃા નં.૧ થી ૩ બાબતેની માહિતી માંગતી અરજી સેન્ટ્રલઝોન કરવામાં આવેલ. અરજદારના મુદૃા નં.(૧) ૨૦–૯–૧૦ની તારીખે આપેલ સ્પ્રે કલરના ગેરકાયદેસર કારખાના વિરુધ્ધ થયેલ અરજીની સામે કારખાનાવાળા વિરુધ્ધ સંબંધીત વિભાગે કરેલ કાર્યવાહીની નકલ સાથે વિગત આપવી. મુદૃા નં.(૨) ૫/૧૬૬૧ ની બાજુમાં ચાલતાં ગેરકાયદેસર સ્પ્રે કલરના કારખાનાની સામે ૨૦–૯–૧૦ , તા.૧૫–૧૨–૧૧ સુધી કરેલ જે તે વિભાગ તરફથી કરેલ કાર્યવાહીની માહિતીની

નકલ સાથે આપવી. તેવા પ્રશ્ન નં.૧ અને ૨ બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી તા.૦૭–૧૦–૧૦ ના રોજ સ્થળ તપાસ કરીને ચેતવણી આપવામાં આવે છે. સે.ઝોન/આરોગ્ય/સેની./આ.નં.૧૧૯ તા.૨૨–૧૦–૧૦ સ્પ્રે કલરની કામગીરી બાબતે ઉત્પન્ન થતું હવાનું પ્રદુષણ બાબતે જીપીસીબીનો અભિપ્રાય આપવા જણાવવામાં આવેલ છે. તેમજ ફરીથી બે વખત જીપીસીબી ને પત્ર લખી હવાના પ્રદુષણ બાબતે અભિપ્રાય આપવા જણાવવામાં આવેલ. તે બાબતે મ્યુ. કોર્ટમાં તા.૨૦–૧–૧૧ તથા તા.૬–૭–૧૧ થી મ્યુ. કોર્ટમાં ફરીયાદ દાખલ કરવામાં આવેલ છે. જેનો રૂા.૫૦/– દંડ તા.૨૮–૮–૧૧ તેમજ તા.૨૦–૧૦–૧૧ ના રોજ દંડ કરવામાં આવેલ છે તેમજ બીપીએમસી એકટની કલમ–૧૪ ના રૂલ–૧૪ મુજબ તા.૮–૭–૧૧ ના રોજ નોટીસ આપવામાં આવેલ છે. મુદત વીત્યે મ્યુ. કોર્ટમાં તા.૧૬–૭–૧૧ ફરીયાદ દાખલ કરવામાં આવેલ છે. જેમાં રૂા.૫૦/– નો દંડ કરવામાં આવેલ. ત્યાર બાદ ન્યુસન્સ ચાલુ રાખતા ફરી તા. ૧૬–૯–૧૦ ના રોજ ફરીથી ૦૨ (બે) ઈસમો ઉપર ફરીથી ડેઈલી દંડ માટે મ્યુ. કોર્ટમાં ફરીયાદ દાખલ કરવામાં આવેલ છે તેઓને લોક અદાલતમાં તા.૧૮–૧૨–૧૧ ના રોજ કોર્ટમાં રૂા.૫૦૦/– દંડ કરવામાં આવેલ છે. ત્યાર બાદ તા.૩–૧૦–૧૧ તેમજ તા.૨૦–૧૨–૧૧ ના રોજ ફરીથી નોટીસ આપવામાં આવેલ છે તથા આ વિસ્તારમાં સંયુકત રીતે દબાણ હટાવવામાં આવેલ છે. પાના કુલ–૩૨ ના રૂા.૨/– લેખે રૂા. ૬૪/– ભર્યેથી પાનાની ઝેરોક્ષ નકલ મળી શકશે. જે અંગે અરજદારે રસીદ નં.૧૧૭૭૪૦ તા.૩૧–૧૨–૧૧ થી રૂા.૬૪/– નાણા ભરપાઈ કર્યાનું તેમણે રજૂ કરેલ આપેલ માહિતીના પત્રમાં નોંધ કરેલ જણાય છે. મુદ્દા નં.(૩) મ્યુ. સેવા સદન તરફથી ગેરકાયદેસર કારખાના સામે શું કાર્યવાહી થઈ શકે એની સંપૂર્ણ વિનંતી તેમજ કયા નિયમો હેઠળ કામ કરે છે તેની વિગતવાર માહિતી આપવી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સુમપા તરફથી બીપીએમસી એકટ મુજબ કાર્યવાહી કરવામાં આવે છે. જે બાબતે નિર્દિષ્ટ સમયગાળામાં મળેલા પ્રતિભાવથી નારાજ થઈ તા.૩–૧–૧૨ ના રોજ અપીલ અરજી કરેલ છે. જેમાં અરજદારે આરોગ્ય અને શહેર વિકાસ અધિકારીને ગેરકાયદેસર સ્પ્રે કલરના કારખાના વિરુધ્ધ તા.૨૦–૯–૧૦ થી તા.૧૫–૧૨–૧૧ સુધી જે તે વિભાગ ધ્વારા કરેલ કાર્યવાહીની વિગત માંગેલ પરંતુ સદર વિભાગ ધ્વારા મને ખોટી માહિતી આપી અને ગેરમાર્ગે દોરવાનો પ્રયાસ કરેલ છે. જેમાં અરજદારે ગેરકાયદેસર સ્પ્રે કલરના કારખાના કયા નિયમ હેઠળ કામ કરે છે તેની માહિતીનો જવાબ મને મળેલ નથી. તેથી અપીલ કરવાની જરૂર ઉભી થયેલ છે. તેવું જણાવેલ છે જે અંગે અરજદારે અપીલ સંદર્ભે પૂરક વિગતોમાં મુદ્દા નં૧ અને ૨ બાબતે દફતરી માહિતી જાહેર માહિતી અધિકારીએ આપ્યાનું જણાય છે. મુળ અરજીની માંગેલ વિગત હોવા છતાં નારાજગીનો આધારસહ રજૂ કરવા જણાવેલ. જે અંગે અરજદારે તેમની તા. ૧૯–૧–૧૨ ના પૂરક પત્રમાં અનુક્રમ નં.૩ માં દર્શાવેલ બાબતે જવાબ મને આપેલ નથી તેવી રજૂઆત કરેલ છે. જે અંગે અરજદારે જવાબ આપેલ નથી તેવા પ્રશ્ન બાબતે અરજદારને જાહેર માહિતી અધિકારીએ સી.ઝેડ/આરટીઆઈ/આ.નં૧૮૫૮ તા.૩૧–૧૨–૧૧ થી સુમપા તરફથી બીપીએમસી એકટ મુજબ કાર્યવાહી કરવામાં આવે છે. આથી જવાબ આપેલ નથી તેવી રજૂઆત ને સમર્થન મળતું નથી. વધુમાં ગેરકાયદેસર કારખાના બાબતે શું કાર્યવાહી થઈ શકે જે અંગેની વિગતનો સમાવેશ મુદ્દા નં.૧ થી ૨ માં થઈ જાય છે. તેમજ કયા નિયમો હેઠળ કામ કરે છે જેનો સમાવેશ પણ મુદ્દા નં.૨ ના જવાબમાં બીપીએમસી ની કલમ–૧૪ રૂલ્સ–૧૪ પણ જણાવેલ છે. ત્યાર બાદ જાહેર માહિતી અધિકારીએ આપેલ પૂરક વિગતોમા અરજદારને તેમની તા.૩–૧–૧૨ ની અરજી સંદર્ભે ધીબીપીએમસી એકટની પ્રકરણ–૧૪ તથા ૧૯ મુજબની જોગવાઈની નકલો પાના નંગ–૦૬(છ) આપવામાં આવેલ છે. અરજદારની માંગેલ માહિતીના સંદર્ભમાં ફકત આરોગ્યને ન્યુસન્સરૂપે હોઈ તે બાબતે જ માહિતી આપવામાં આવેલ છે તે સિવાય તા.૧૫–૧૨–૧૧ ની મુળ અરજીના સંદર્ભના મુદ્દા નં.૩ ની બીજી બાબતે ગેરકાયદેસર સ્પ્રે કલરના કારખાના કયા નિયમો હેઠળ કામ કરે છે તેની માહિતી માંગેલ છે આવી કોઈ માહિતી સેન્ટ્રલઝોનના રેકર્ડ ઉપર ઉપલબ્ધ નથી. પરંતુ સ્પ્રે કલરના કારખાના ધ્વારા થતા ન્યુસન્સ બાબતે આવેલ ફરીયાદ કે અરજીના આધારે ન્યુસન્સકર્તાને ન્યુસન્સ ઓછુ કરવા કે ઘટાડવા કે અટકાવવાની નોટીસ આપવામાં આવે છે અને નોટીસનો અનાદર થયેથી નામદાર મ્યુ. કોર્ટમાં ધીબીપીએમસી એકટના પ્રકરણ–૧૪ મુજબ ફરીયાદ દાખલ કરવામાં આવે છે. તેવું જણાવેલ છે. જે અંગે અરજદારને તેમની તા.૩–૧–૧૨ ની અરજી સામે જાહેર માહિતી અધિકારીના પત્ર નં.૧૯ ૮૮ તા.૧૨–૧–૧૨ થી સ્પ્રે કલરના કારખાના ધ્વારા ન્યુસન્સ થતું હોય તો તેવા સંજોગોમાં ધીબીપીએમસી એકટ–૧૯ ૪૯ ના શીડયુલ ચેપ્ટર –૧૪ ના રૂલ–૧૪ અન્વયે તેમજ આજ કાયદાના શિડયુલ ચેપ્ટર–૧૯ ના રૂલ–૧ માં જણાવેલ દંડની જોગવાઈ છે તે મુજબ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે છે. આરટીઆઈ કાયદાની જોગવાઈઓ અનુસાર દરેક અરજી સ્વતંત્ર હોઈ તેને સ્વતંત્ર રીતે માહિતી પૂરી પાડવાની રહે છે. જે અંગે અરજદારને મુદ્દા નં.૩ અંગે અગાઉની તા.૩–૧–૧૨ ની અરજીમાં જણાવેલ કાયદાની જોગવાઈઓની માહિતી અરજદારને પૂરી પડાયેલ જણાતી નથી. તેથી તેવી માહિતી અરજારને પૂરી પાડવાની રહે.

અરજદારે " ગેરકાયદે સ્પ્રે કલરના કારખાના કયા નિયમ હેઠળ કામ કરે છે એની વ્યાપક સ્વરૂપની માહિતી માંગેલ છે જેને સુનિશ્ચિત કરવા કારખાના અધિનિયમ–૧૯૪૮, મુંબઈ ઔદ્યોગિક સંબંધનો કાયદો , ઔદ્યોગિક તકરાર અધિનિયમ , પર્યાવરણ સરંક્ષણ ધારો –૧૯૮૬ પૈકીના વિવિધ કાયદાનો સંદર્ભ બાબત હેઠળના કારખાના આ પૈકીના કોઈ કાયદાના નિયંત્રણ હેઠળ આવે છે કે કેમ? તે નિર્ધારિત કર્યા બાદ તારણ પર આવી શકાય. અત્રે એ પણ સૂચક છે કે આ વિવિધ કાયદા હેઠળના સત્તા મંડળો પણ અલગ હોઈ શકે જરૂરી નથી કે સુરત મહાનગરપાલિકા બીપીએમસી એકટ સિવાયના કાયદા હેઠળ નિયંત્રણ કરતું હોય.

જાહેર માહિતી અધિકારી કક્ષાએથી અપીલ તબકકે આ અંગે તેઓ તરફથી પૂરક વિગતોમાં અન્ય સત્તા મંડળને તબદીલ થયાની કોઈ વિગત રજૂ કરેલ નથી.

અરજદારની પ્રથમ અપીલ તા.૦૩–૧–૧૨ ધ્યાને લેતાં ૦૨–૦૨–૧૨ સુધીમાં અને વિલંબીત કારણ સહિત ૧૭–૨–૧૨ સુધીમાં કાયદાની કલમ–૧૯(૬) હેઠળ પ્રથમ અપીલનો નિકાલ કરવાનો રહે. પરંતુ અપીલ હેઠળના અરજદારની પ્રથમ અપીલ બાદ અત્રેની કક્ષાએ જાન્યુ. અને ફેબ્રુ. ૨૦૧૨ દરમ્યાન ૧૧૪ જેટલી પ્રથમ અપીલ અત્રેની કચેરીને મળેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન બીજી અપીલમાં નામદાર માહિતી આયોગ ધ્વારા ૧૧૩ બાબતો માટે પૂર્તતા અહેવાલ મંગાવવામાં આવેલ તેમજ જે પૂર્તતા અહેવાલ અત્રેની કક્ષાએથી નામદાર આયોગને મોકલવામાં આવેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન નામદાર આયોગ તરફથી લોક અદાલતનો નવતર પ્રયોગ હાથ ધરેલ. જેમાં અત્રેના સત્તા મંડળની ૭૩ ની બાબતોનું પત્રક આપવામાં આવેલ. તે અંગેના પણ પૂર્તતા અહેવાલ અને આ કાર્યક્રમની પૂર્વ તૈયારીના ભાગરૂપે વધવા પામેલ કાર્ય ભારણના લીધે પ્રસ્તુત અપીલ તથા તેની આસ પાસના સમયગાળામાં આવેલ અપીલનો સમય અવધિમાં નિકાલ કરી શકાયેલ નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની તા.૧૫–૧૨–૧૧ ની અરજી માંગવામાં આવેલ માહિતી પૈકી મુદ્દા નં.૩ ની ફરીયાદ હકીકતમાં જણાવેલ વિગતે સદર અરજી બાબતે "મુદ્દા નં.૩ ની કયા નિયમ હેઠળ કામ કરે છે " ની નહીં પૂરી પડાયેલ માહિતી અંગે બીપીએમસી એકટના સંદર્ભે મહાનગરપાલિકાના કાર્યક્ષેત્ર પૂરતી દફતરી માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે દિન–૭ માં અત્રેની જાણ હેઠળ અરજદારને પૂરી પાડવા તથા અન્ય કાયદા –નિયંત્રણ અંગે લાગત જાહેર સત્તા મંડળને તબદીલ કરેલ ન હોઈ હુકમ મળ્યેથી દિન–૫ માં અરજદારની અને અત્રેની જાણ હેઠળ તબદીલ કરવા ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનને જણાવવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૩–૧૨

પ્રતિ,
(૧) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન).....જાણ તથા અમલ માટે.
(૨) શ્રી મુન્સી સીરાજ મુસાભાઈ